ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G



(તસવીર : દિપક જાની)

અસરકારક ઔષધ - શિયાળાના આગમનના પગલે આમળા બજારમાં ઠેર ઠેર નજરે પડવા લાગ્યા... વિટામીન-સીથી ભરપુર આમળા રોગપ્રતિકારક શક્તિ પણ વધારે છે... શિયાળામાં આમળા શક્તિવર્ધક છે. આમળાના સેવનથી સ્ફૂર્તિ, શક્તિ અને રોગપ્રતિકારક શક્તિ જેવા અનેક લાભો છે... આજકાલ આમળાનો જ્યુસ, આમળાનું અથાણું, આમળાનો મુરબ્બો અને એકલા આમળા ખાવાનો મહિમા વધતો જાય છે..

# જૂના સેક્ટરોમાં ૨૯૦ સરકારી રહેણાંકોનું મજબૂતિકરણ કરાશે

## સે-૨૦ થી ૨૩, ૨૮ થી ૩૦ ઉપરાંત સે-૧૬ અને ૧૭માં 'ચ' અને ચ-૧ અને છ કક્ષાના મકાનોના રીનોવેશન માટે ૧૮.૮૪ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેક્ટરોમાં સ્થિત ચાર દાયકા જૂના સરકારી આવાસોના મજબૂતીકરણ માટે રૂ. ૧૮.૮૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સે-૨૦થી ૨૩ ઉપરાંત સે-૨૮ થી ૩૦ અને સે-૧૬ તેમજ ૧૭માં વિવિધ કક્ષાના સરકારી આવાસોનું રીનોવેશન કરવામાં આવશે. આ મામલે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાતા ટૂંકમાં કામ શરુ કરી દેવાશે.

શહેરના સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના મકાનો દાયકાઓ જૂના હોવાથી મોટા ભાગના આવાસોની છત સલામત ન હોવાની ભયજનક સ્થિતિ સર્જાઈ છે. ગત ચોમાસા દરમિયાન પણ શહેરના આવાસોમાં છતમાંથી પોપડા ખરવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. શહેરમાં વિવિધ કક્ષાના ૧૬ હજારથી વધુ આવાસો છે જયારે આ પૈકી નિકાલ હેઠળના મકાનો પણ ભયજનક સ્થિતિમાં હોવાથી આ આવાસો તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. શહેરમાં અફસરો તેમજ પ્રધાનોના બંગલા નિર્માણ અને રીનોવેશન માટે તોતિંગ ખર્ચ કરવામાં આવે છે પરંતુ કર્મચારીગણ અને તેમના પરિવારજનોને માથે સલામત છત પુરી પાડવાનું કામ વિલંબથી હાથ ધરવામાં આવે છે. સરકારી આવાસો બિસ્માર હાલતમાં હોવા છતાં મજબૂતીકરણનું કામ મંજુર કરવામાં વિભાગ કક્ષાએથી ભારે વિલંબ કરવામાં આવ્યો હતો. જો કે લાંબા સમયના અંતે આવાસ મજબૂતીકરણના કામોને મંજુરી અપાતા આ મામલે ટૂંકમાં કામગીરી શરુ કરી દેવાશે. સૂત્રોના જણાવ્યા મુજબ સે-૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૮,૨૯ અને ૩૦ ઉપરાંત સે-૧૬ અને ૧૭માં 'ચ' અને 'ચ-૧' અને 'છ' કક્ષાના મકાનોનું રીનોવેશન હાથ ધરવામાં આવશે. અંદાજિત ૨૯૦ જેટલા સરકારી મકાનોને નવા રૂપરંગ આપવા રૂ. ૧૮.૮૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. મકાનોના મજબૂતીકરણ માટે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ થતાં ટૂંકમાં કામ શરુ કરી દેવાશે.

## ખૂણે... ...ખાંચરેથી

- કડી સર્વ વિદ્યાલયની ૧૯૮૫ની બેચના ધો-૧૦ 'અ'ના પૂર્વ વિદ્યાર્થીઓનો રવિવારે અરણ્યભવન ખાતે મિલન સમારંભ યોજાશે.
- ગાંધીનગર મહાનગર પાલિકાના કર્મચારીઓને માહિતી અધિકાર અધિનિયમની તાલીમ આપવામાં આવી હતી.
- જિલ્લા પંચાયતમાં જુનિયર કલાર્કના કર્મચારીઓને બઢતી આપવા માટે ડી.પી.સી.ની બેઠક મળી હતી.
- ગાંધીનગર શહેરમાં લગ્નસરાની મોસમ જામતી જાય છે.
- વાવોલની સંકલ્પ રોયલ સોસાયટીના મહિલા સભ્યોએ મહાત્મા મંદિરની લોનમાં સ્નેહમિલન સમારંભ યોજયો હતો.
- થાઈલેન્ડની ટીમે આજે ગાંધીનગર સિવીલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. હોસ્પિટલની મુલાકાતથી ટીમ અત્યંત પ્રભાવિત થઈ હતી.
- ગુજરાત આપત્તિ વ્યવસ્થાપનમાં આજે તાલિમમાં વિશેષ પ્રવચન આપવા પૂર્વ વિદેશ સચિવ શ્રી એલ. માનસિંહ ગાંધીનગર આવ્યા હતાં.

# પથિકાશ્રમમાં રૂમ મેળવવા માટે પરવાનગી પત્ર લેવામાં શિરદર્દ

## સરકારી કામ અર્થે બહારથી આવતા બાબુઓને પહેલા પાટનગર યોજના ભવનમાં ઉતારો કરવો પડે છે !!!

ગાંધીનગર, તા. ૨૧

પથિકાશ્રમમાં રોકાણ માટે રૂમ મેળવવા માટે સરકારી કર્મચારી કે પોલીસના અધિકારીઓએ પ્રથમ પાટનગર યોજના ભવનમાં ઉતારો લેવો પડે તેવી દયાનજક સ્થિતિમાં તંત્રકક્ષાએથી પરવાનગી પત્ર મેળવ્યા બાદ જ રૂમ ફળવાતા આ વ્યવસ્થામાં જરૂરી સુધાર લાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેના પરિણામે રાત્રિના સમયે સરકારી કામ અર્થે આવતા કર્મચારી-અધિકારીઓએ ઘણીવાર મુંઝવણમાં મુકાવવાનો વારો આવે છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત પથિકાશ્રમનું નવીનીકરણ અને ખાનગીકરણ થયા બાદ સરકારી વ્યવસ્થાને ધ્યાને લઈ બિલ્ડીંગમાં ૩૦ જેટલા રૂમનું સરકાર હસ્તક સંચાલન થાય છે. અલબત્ત બહાર ગામથી સરકારી કામ અર્થે આવતા બાબુઓ તેમજ તપાસ માટે આવતા પોલીસ સ્ટાફના કર્મચારીઓને રહેવા માટે પથિકાશ્રમમાં રૂમ ઉપલબ્ધ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરંતુ રૂમ મેળવવા માટે આવનાર સરકારી ફરજ પરના વ્યક્તિએ પાટનગર યોજના વિભાગમાંથી પરવાનગી પત્ર મેળવવાનો હોવાથી ઘણીવાર આ પ્રથાના લીધે મુંઝવણ ઉભી થાય છે. સરકારી ટ્રેનિંગ કાર્યક્રમ માટે આવતા કર્મચારીઓમાં પણ આ પ્રથા બિનવ્યવહારૂ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ સરકારી નિયમ અનુસાર પથિકાશ્રમમાં માર્ગદર્શન માટે બોર્ડ લગાવવામાં આવ્યું છે પરંતુ રૂમની ઉપલબ્ધિ માટે આ પ્રથા દૂર કરી સપ્ક્ષ પદ્ધતિ અપનાવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# બોર્ડની પરીક્ષામાં હવે ગણિતના પેપરમાં ૨૦ ટકા પ્રશ્નો ટેક્સ બુક બહારના પુછાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષામાં અત્યાર સુધી ૧૦ ટકા પ્રશ્નો ટેક્સબુક બહારના પુછાતા હતા હવે આ નિયમમાં થોડેક ફેરફાર કરવામાં આવ્યો છે અને હવેથી ૨૦ ટકા પ્રશ્નો ટેક્સબુક બહારના પુછાશે.

શિક્ષણ બોર્ડના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તાજેતરમાં જ આ નિર્ણય લેવાયો છે અને ટુંક સમયમાં તેનું અમલીકરણ પણ થઈ જશે. ધો. ૧૦ અને ધો. ૧૨માં ગણિતના પ્રશ્નપત્રમાં હવેથી ૨૦ ટકા પ્રશ્નો ટેક્સબુક સિવાયના પુછાશે. જેથી વિદ્યાર્થીઓની બુદ્ધિશક્તિને ચકાસી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાના આવેદનપત્રો ભરવાની તારીખ લંબાવી દેવામાં આવી છે. અગાઉ ૧૫ નવેમ્બર સુધી આ આવેદનપત્રો ભરવાના હતા. અને તેની સુચના પણ રાજ્યની તમામ શાળાઓને આપી દેવામાં આવી હતી. પરંતુ ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાના આવેદન પત્રો ભરવાની મુદતમાં વધારો કરવા અંગે શિક્ષણ બોર્ડને રજુઆતો થતા આ રજુઆતોને ધ્યાને લઈ આવેદનપત્રો કોઈપણ જાતની લેઈટ ફી વગર સ્વીકારવાની મુદત લંબાવીને તા. ૨૯ સુધી કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા એવું પણ જાહેર કરાયું છે કે તા. ૩૦મી નવેમ્બર પછી કોઈપણ ચલણ સ્વીકારવામાં આવશે નહી તેમજ મુદત વિત્યા બાદ ઓનલાઈન કે ઓફલાઈન કોઈપણ રીતે આવેદનપત્ર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે એસએસસીમાં અત્યાર સુધીમાં ૯૮૪૭ શાળાઓમાં ૯,૪૫,૧૮૬ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન થયા છે. ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહના પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા ફરજીયાત લગાડવાનો બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

# આજથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

## તા. ૧ થી ૨૧ નવેમ્બરના દિવાળી વેકેશન બાદ વિદ્યાર્થીઓ માટે 'લેટ ધેમ સ્ટડી'નો અભિગમ અપનાવાશે

ગાંધીનગર, તા.૨૧

દિવાળીનું મીની વેકેશન પૂર્ણ થતા આજથી શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ગત તા. ૧ નવેમ્બરથી પ્રારંભાયેલા ૨૧ દિવસીય વેકેશનનો સમય પૂરો થતા આજથી શહેરની તમામ શાળાઓમાં સૂના પડેલા કલાસરૂમમાં સ્ટુડન્ટસની કોલાહલ ગુંજતી થશે. દિવાળી વેકેશનમાં હળવાશ માણ્યા પછી 'લેટ ધેમ સ્ટડી'ના અભિગમ સાથે વાલીઓ પણ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા સજ્જ થઈ ગયા છે.

૨૧ દિવસના દિવાળી વેકેશનમાં ફટાકડાના ધમધમાટ વચ્ચે મીની ટૂરની મજા માણી પરત થયેલા વિદ્યાર્થીઓએ આજથી શાળાના પગથિયા ચઢવા પડશે. દિવાળી વેકેશનના પગલે અત્યાર સુધી શહેરના શૈક્ષણિક સંકુલો પણ સુના ભાસી રહ્યા હતા. ૨૨ નવેમ્બરથી શહેરની તમામ શાળાઓમાં નવા વર્ષ બાદ બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતા જ શૈક્ષણિક સંકુલોમાં અનોખો ધમધમાટ જોવા મળશે. શાળાઓ શરુ થતા શહેરના જનજીવન ઉપર પણ તેની અસર જોવા મળશે. સ્કુલ ટાઈમ દરમિયાન માર્ગો પર સ્કુલ વર્ધીના વાહનો સહિત વિદ્યાર્થીઓની વિશેષ અવર જવર જોવા મળશે. દિવાળી વેકેશનમાં લાંબા દિવસોની રજા માણ્યા બાદ વદ્યાર્થીઓ હવે દ્વિતીય કસોટીને ધ્યાને લઈ અભ્યાસમાં લાગી જશે. વિદ્યાર્થીઓ સહિત વાલીઓ પણ શૈક્ષણિક સત્રના પ્રારંભ વેળાએ ઉત્સુક જોવા મળી રહ્યા છે. શહેરની સેન્ટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ શાળાઓમાં ગત તા. ૧૮ નવેમ્બરથી શૈક્ષણિક કાર્ય શરુ થઈ ગયું હતું જયારે સરકારી જાહેરાત મુજબ ૨૧ દિવસનું વેકેશન પૂર્ણ થતા શુક્રવારથી શાળાઓમાં શૈક્ષણિક સત્રની સાથે વિદ્યાર્થીઓનો કોલાહલ શરુ થઈ જશે.




# ડેપોને મોડેલ બનાવવાના બણગા વચ્ચે સલામતીનો મુદ્દો રામભરોસે

## ચોકી શરૂ કરવા પોલીસતંત્ર તૈયાર પરંતુ સેન્ટ્રલ ઓફિસ કક્ષાએથી જગ્યા ફાળવવામાં વિલંબ

ગાંધીનગર, તા. ૨૧

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોમાં પોલીસ પહેરાના અભાવે દિનપ્રતિદિન ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવાનો મામલો પણ જગ્યના અભાવે અટવાયો છે. અમદાવાદ સ્થિત સેન્ટ્રલ ઓફિસ કક્ષાએથી પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાના મામલે પણ કોઈ આયોજન ન થતા સ્થાનિક પોલીસતંત્ર પણ લાચાર સ્થિતિમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

શહેરમાં દિનપ્રતિદિન ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે જાહેર સ્થળોએ પણ પીકપોકેટીંગ, મેઈન સ્નેચીંગ તેમજ લૂંટના ગુનાઓ અથવા આમ નાગરિકોની સલામતી સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. આવા સંજોગોમાં શહેરના અન્ય વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં તસ્કરી વૃત્તિ બેફામ બનતી જાય છે. એકબાજુ એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ત્યારે ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી માટે કોઈ કાયદો અને વ્યવસ્થા ન જળવાતી હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવાનો મામલો લાંબા સમયથી જગ્યાના અભાવે અટવાયો છે. જિલ્લા પોલીસતંત્રએ આ અંગે સંમતિ દર્શાવી જગ્યા ફાળવવા ડેપો તંત્રને જણાવ્યું હતુ પરંતુ એસ.ટી. વિભાગની સેન્ટ્રલ ઓફિસથી આ મામલે કોઈ નિર્ણય ન લેવાતા ડેપોમાં પોલીસચોકી શરૂ કરવાનું આયોજન હજુ માત્ર વિચાર જ કરી રહ્યો છે. આવા સંજોગોમાં ડેપોમાં અવરજવર કરતા મુસાફરો ગમે ત્યારે જાણભેદુ ગઠીયાઓની આફતોનો ભોગ બને છે. પીક પોકેટીંગ સહીતના ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. મોડેલ ડેપો બનાવવાના અભિયાન અન્વયે પ્રથમ સલામતીને ધ્યાને લઈ પોલીસ ચોકી કાર્યરત થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ઠંડી યથાવત પારો ૧૨.૫ ડિ.સે.

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો બીજા દિવસે પણ યથાવત રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં નજીવો વધારો થતા પારો ૧૨.૫ ડિ.સે. પર પહોંચ્યો છે.

ગાંધીનગરમાં ઠંડી યથાવત જળવાઈ રહી છે. લઘુત્તમ તાપમાનમાં નજીવો વધારો થયો છે. છેલ્લા બે દિવસથી આકરી બનેલી ઠંડીએ જનજીવન પર તેની ઘેરી અસર છોડી છે. જો કે મહત્તમ તાપમાન હજુ ૩૨ ડિગ્રી જેટલું ઉંચુ રહેતા વસાહતીઓ બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.




LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com